ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G

# ગાંધીનગર મેડીકલ કોલેજની મંજુરી લંબાવવા એમસીઆઈની ટીમ સોમવારે આવે છે

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર મેડીકલ કોલેજમાં પ્રથમ વર્ષની મંજૂરીને લંબાવવા તેમજ દ્વિતીય વર્ષના શૈક્ષણિક સત્રને માટે મંજૂરી આપવા માટે મેડીકલ કાઉન્સીલ ઓફ ઈન્ડિયાની ટીમ ૧લી અને ૨જી એપ્રિલે ઈન્સ્પેકશન માટે આવી રહી છે.

ગાંધીનગર મેડીકલ કોલેજના પ્રથમ વર્ષને ગયા વર્ષે મંજૂરી એમ.લી.આઈ.એ આપી હતી. આ વર્ષે કોલેજનું પોતાનું મકાન તેમજ હોસ્ટેલનું બિલ્ડીંગ પણ તૈયાર થઈ ગયું છે. તેથી મંજૂરી મેળવવામાં બહુ તકલીફ નહિ પડે તેવો વિશ્વાસ તંત્રના અધિકારીઓ વ્યક્ત કરી રહ્યા છે.

બે સભ્યોની બનેલી ટીમ બે દિવસ સુધી ગાંધીનગર મેડીકલ કોલેજમાં ઈન્સ્પેકશન કરશે. આ ટીમમાં એક સભ્ય બિહારના છે તો બીજા સભ્ય મહારાષ્ટ્રનું પ્રતિનિધિત્વ કરી રહ્યાનું જાણવા મળેલ છે.

ટીમના આગમન અંગેની સત્તાવાર જાણ ગાંધીનગર મેડીકલ કોલેજના સત્તાવાળાઓને કરી દેવામાં આવી હોવાનું જાણવા મળેલ છે અને તંત્રએ પણ તેની તૈયારીઓ પૂરજોશથી હાથ ધરી દીધી છે.

દ્વિતીય વર્ષની મંજૂરી માટે ગાંધીનગર મેડીકલ કોલેજમાં પાંચ નવા વિભાગો શરૂ કરવામાં આવ્યા છે. જેમાં ફાર્મેકોલોજી, પી.એલ.એમ., પેથોલોજી અને માઈક્રોબાયોલોજી તેમજ ફોરેન્સીક સાયન્સ વિભાગનો સમાવેશ થાય છે.

● અનુસંધાન પાન-૭ પર



રંગોત્સવ - ગાંધીનગરની જાણીતા સાંસ્કૃતિક સંસ્થા 'આર્ટ લવર્સ' દ્વારા હોળી-ધૂળેટીના પર્વો પર રંગારંગ કાર્યક્રમ યોજાયો હતો. મંગળવારની સાંજે અંકિત ત્રિવેદી નિર્મિત ગુજરાતી સુગમ સંગીતનો 'પંખીઓએ કર્યો કલશોર' અને બુધવારે લોકસાહિત્યના જાણીતા હાસ્ય કલાકાર માયાભાઈ આહીરનો 'હાસ્ય દરબાર' યોજાયો હતો. મોટી સંખ્યામાં સભ્યો અને આમંત્રિતો ઉપસ્થિત રહ્યા હતા. (તસવીર : કમલેશ શાહ)

# સેકટરોની શેરીઓથી લઈ ફાર્મ હાઉસોમાં રંગોત્સવની રંગત જામી

## ધુળેટીના પર્વમાં હરિયાળુ શહેર રંગીન બન્યું : રંગોત્સવની સાથે ડાયરાની સંગતે નગરજનોને મોજ કરાવી

ગાંધીનગર, તા. ૨૮

નગરની શેરીઓમાં ધુળેટીના પર્વ દરમિયાન રંગોત્સવની અનોખી અને પારિવારીક ઉજવણી જોવા મળી હતી. બેરંગ જીવનને રંગોથી નિખારતા ધુળેટીના પર્વની રંગતથી વાતાવરણ રંગીન બની ગયું હતું. સેકટરોની શેરીઓથી લઈ આસપાસના ફાર્મહાઉસોમાં શહેર આસપાસના ફાર્મ-વિસ્તારોમાં પણ ધુળેટીની હર્ષ ઉલ્લાસપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. અધિકારીઓ અને કર્મચારીઓ પણ એકમેકને રંગ ઉડાડતા નજરે પડયા હતા. રંગોત્સવની સાથે કેટલાક ઠેકાણે પારિવારીક વાતાવરણમાં ભોજનનો કાર્યક્મ પણ યોજવામાં આવ્યો હતો. શહેરની સંસ્થાઓ દ્વારા પણ હોળી-ધુળેટીની ઉજવણી



સત્યના વિજયને વધાવવા નગરજનોએ ઉલ્લાસપૂર્વક એકબીજાને ગુલાલ છાંટી હેપ્પી હોલીની શુભકામનાઓ પાઠવી હતી. રંગોત્સવની મજા અને શ્રધ્ધા-ભકિત સાથે કેટલાંક ઠેકાણે સાંસ્કૃતિક કાર્યક્મો પણ યોજવામાં આવ્યા હતા. સોસાયટીઓમાં ગૃપમાં ભેગા થઈ નાગરિકોએ એકમેકને રંગોથી ભરી દીધા હતા.

ભારતીય સંસ્કૃતિમાં દિવાળીની જેમ હોળીના પર્વનું પણ અનોખું મહત્વ છે. ઉત્તરના રાજયોની સાથે સાથે હવે ગુજરાતમાં પણ આસુરી વૃત્તિ-પ્રવૃત્તિના દહન માટે ઉજવાતા આ પર્વ શ્રધ્ધાનુંપ્રતિક બન્યુંછે. ગાંધીનગરમાં પણ હોળી-ધુળેટીના પર્વનો વિશેષ ઉત્સાહ જોવા મળ્યો હતો. આંખોને ઠંડક આપતા હરિયાળા નગરમાં ધુળેટીના દિવસે કલરફુલ નઝારો જોવા મળ્યો હતો. ધુળેટીના દિવસે સેકટરોમાં સવારથી જ રંગોત્સવની રોનક નિખરી હતી. સોસાયટીમાં ગૃપમાં એકત્રિત મિત્રો અને પડોશીઓ એકમેકને રંગ લગાવી પર્વનો ઉલ્લાસ વ્યકત કરતા નજરે પડયા હતા. 'બુરા ન માનો હોલી હૈ...'ની ઉકિત સાથે શહેરના માર્ગો ઉપર પણ રંગબેરંગી ચહેરા સાથે વાહનચાલકો નીકળી પડયા હતા. ગૃપમાં ફરતા યુવા વર્ગે રંગોત્સવની વિશેષ મજા લીધી હતી. સેકટરોમાં પારિવારીક ઉજવણીની સાથે અન્વયે અનોખા કાર્યક્મો યોજવામાં આવ્યા હતા. આર્ટ લવર્સ સંસ્થા દ્વારા ધૂળેટીની સંધ્યાએ ફનવર્લ્ડ ખાતે ડાયરાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. સંસ્થા દ્વારા પ્રતિકાત્મક રીતે હોલીકાનું દહન કરી રાત્રિના સમયે ડાયરાના સાંસ્કૃતિક કાર્યક્મનું આયોજન કરવામાં આવ્યું હતું. શહેરમાં ધાર્મિક સ્થાનોએ પણ ધુળેટી પર્વ નિમિત્તે વિશેષ કાર્યક્મો યોજવામાં આવ્યા હતા. જેમાં બિલ્ડરો અને ડોકટરો સહિત નગરના અગ્રણીઓને કલાકાર માયાભાઈ આહીરે હાસ્યરસમાં ભીંજવ્યા હતા. રોટરી કલબ દ્વારા પણ એન.પી. પટેલ ફાર્મહાઉસમાં રંગોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. ધૂળેટીની સંધ્યાએ નગરના ખાણી-પીણી બજાર અને હોટલોમાં પણ ભીડ-ભાડ જોવા મળી હતી.

# ગાંધીનગરના યંગ ઈનોવેટર હર્ષલ ઉપાધ્યાયને એવોર્ડ

ગાંધીનગર, તા. ૨૮

ઉનાળાની કાળઝાળ ગરમીમાં તડકામાં પાર્ક કરેલી એ.સી. કારમાં બેસવુ એટલે ભારે ત્રાસ. આ સમસ્યાના નિવારણ માટે વૈલોર ઈન્સ્ટીટ્યૂટ ઓફ ટેકનોલોજીના વિદ્યાર્થીઓએ ઈનોવેટ કરેલો સ્માર્ટ ફેન ખુબ



અસરકારક છે. ગાંધીનગરના જાણીતા ઓર્થોપેડીક સર્જન ડૉ. ઉપાધ્યાયના પુત્ર હર્ષલ ઉપાધ્યાય અને તેની ટીમને તાજેતરમાં આ ઈનોવેશન માટે ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટના આંગણે યોજાયેલા ઈનોવેશન ફેરમાં એવોર્ડ પ્રાપ્ત થયો છે. ૨૧ રાજ્યોની ૧૧૦ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ તૈયાર કરેલા ઈનોવેશનમાંથી ૪૩ જેટલા ટોપ ઈનોવેટર્સને ગાંધીયન યંગ ટેકનોલોજીકલ એવોર્ડથી નવાજવામાં આવ્યા હતા. જેમાં હર્ષલ ઉપાધ્યાયની ટીમનો સમાવેશ થાય છે. હર્ષલ અને તેની ટીમે અનોખી સ્માર્ટ ઓટોમેટિવ વેન્ટીલેશન સિસ્ટમ વિકસાવી છે. આ સિસ્ટમથી કારની અંદર જો અમુક લેવલ કરતાં ટેમ્પ્રેચર વધી જશે તો અંદર રહેતો ફેન ઓટોમેટિક ચાલુ થઈ જશે અને કારને કુલિંગ કરી દેશે.

# ગાંધીનગરને અલગ ડેપો આપવા એસ.ટી.ના ચેરમેનને રજૂઆત

## સરખેજ રૂટની બસો ગ્રામ્ય બસ સ્ટેન્ડના બદલે શહેરના સ્ટેન્ડ પરથી દોડાવવા માંગણી

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગરને અલગ ડેપો આપવા તેમજ સરખેજ રૂટની બસો ગ્રામ્ય સેન્ટેડના બદલે શહેરના સ્ટેન્ડથી ઉપાડવા એસ.ટી. નિગમના ચેરમેન સમક્ષ રજૂઆત કરવામાં આવી છે.

શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બૂચના જણાવ્યા અનુસાર ચાર દાયકાના અંતે પણ એસ.ટી. ડેપોનું બે વિભાગમાં સંચાલન કરવામાં આવી રહ્યું છે. પાટનગરના દરજ્જાને ધ્યાને લઈ અલગ ડેપો ફાળવવા પણ એસ.ટી.ના ચેરમેન સમક્ષ રજૂઆત કરવામાં આવી છે. તેમણે વધુમાં જણાવ્યા મુજબ ચાર દાયકાના લાંબા સમય બાદ પણ સરકારે ગ્રામ્ય ડેપો આપવામાં કોઈ રસ લીધો નથી. જમીનની ઉપલબ્ધિ બાદ પણ તેને મંજૂરી આપવામાં આવી નથી. વધુમાં પેસેન્જરોને ધ્યાને લઈ સરખેજ રૂટની બસો જે હાલ ગ્રામ્ય સ્ટેન્ડ પરથી

● અનુસંધાન પાન-૭ પર

# રહેણાંક વિસ્તારમાં શાળા ધમધમતા રહીશોમાં રોષ

## પ્રિપ્રાયમરી અને પ્રાયમરીના વિદ્યાર્થીઓના શોરબકોરથી રહીશો ત્રસ્ત

ગાંધીનગર, તા. ૨૮

રહેણાંક વિસ્તારમાં ધમધમતી પ્રિપ્રાયમરી અને પ્રાયમરી સ્કૂલના લીધે રહીશો ઘોંઘાટીયા વાતાવરણથી ત્રાહિમામ પોકારી ગયા છે. રહેણાંક વિસ્તારમાં જ આખેઆખા બ્લોક ફાળવી દેવાતા આસપાસના રહેવાસીઓને દિનભર ખલેલ વેઠવી પડે છે. જ્યારે વિદ્યાર્થીઓને પણ પરીક્ષા ટાણે ઘોંઘાટ વચ્ચે શિરદર્દ સહન કરવો પડતો હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે.


શહેરના રહેણાંક વિસ્તારમાં કોમર્શિયલ પ્રવૃત્તિઓનો વ્યાપ દિનપ્રતિદિન વધી રહ્યો છે. રહેણાંક વચ્ચે વાણિજ્યિક વૃત્તિ-પ્રવૃત્તિનો વ્યાપ વધતા આમ નાગરિકો માટે અનેક પ્રશ્નો મંડરાયા છે. બેરોકટોક અને બેફામ બનેલી આ વૃત્તિના લીધે રહેણાંક વિસ્તારમાં ગંદકી સહિતના અનેક દૂષણો મંડરાયા છે. બીજી તરફ કાનગી અને સરકારી આવાસના વિસ્તારમાં શૈક્ષણિક પ્રવૃત્તિનો પણ વ્યાપ વધતા આમ રહીશોએ ડગલે ને પગલે મુશ્કેલી વેઠવાનો વારો આવ્યો છે. સરકારી તંત્ર દ્વારા પણ શૈક્ષણિક પ્રવૃત્તિ માટે રહેણાંક વિસ્તારમાં વચાળે જ બ્લોક ફાળવી દેવાતા સેક્ટરોમાં ઘોંઘાટીયા વાતાવરણથી નાગરિકો તંગ આવી ગયા છે. આવા સંજોગોમાં સ્થાનિક રહીશોની પ્રાઈવસી ભંગ થતી હોવાની સાથે ખલેલ પહોંચતી હોવાનો પણ પ્રબળ આક્રોશ પ્રવર્ત્યો છે. સે. ૮ જી-૧ કક્ષાના સરકારી રહેણાંક વિસ્તારમાં પણ આવી જ સ્થિતિ ઉદ્‌ભવી છે. આ વિસ્તારમાં શાળા ધમધમતી હોવાથી આમ નાગરિકોના રોજિંદા જીવનમાં રોજબરોજ ખલેલ પહોંચી રહી છે. તંત્ર દ્વારા પણ રહેણાંક વિસ્તારમાં જ શૈક્ષણિક સંસ્થાઓને આવાસ ફાળવી દેવાતા આસપાસ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને પણ ખલેલ પહોંચે છે. રહેણાંક વિસ્તારમાં ઘોંઘાટનું ઉદ્‌ભવસ્થાન બનેલી પ્રાયમરી અને પ્રિપ્રાયમરી શાળાને અન્યત્ર ખસેડવા પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે.

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
જાહેરાત માટેનું
અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧
ફોન : ૨૩૨૩૭૫૭૧
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

શ્રી ખેતીવાડી ઉત્પન્ન હજાર સમિતિ, ડીસા
મુખ્ય કચેરી, સરદાર ભવન, હાઈવે, ડીસા.
ફોન : ૨૨૦૦૭૨, કાર્યાલય : ૨૨૩૦૬૭
સ્થાપના : ૨૧/૧૧/૧૯૫૧
ખેડૂત અને વેપારી ભાઈઓના વિશ્વાસનું પ્રતિક એટલે ડીસા મુખ્ય માર્કેટ યાર્ડ....
- બજાર સમિતિના કર્મચારીઓની દેખરેખ હેઠળ જાહેર હરાજીથી માલનું વેચાણ થાય છે.
- જેમાં વાર્ષિક અંદાજે ૧૧૦૦ કરોડનું ટર્નઓવર થાય છે.
- સાચો તોલ કરી બિલ સાથે રોકડા નાણાં ચુકવાય છે.
- અનાજ, કઠોળ, તેલીબીયા, તમાકુ, કપાસ તેમજ શાકભાજીનું નિયંત્રણ કરવામાં આવ્યું છે.
- શુદ્ધ ઘી તથા દૂધની બનાવટની વસ્તુઓ માટે કિસાન અમુલ પાર્લરની સુવિધા ઉપલબ્ધ છે.
- ભૂમિ ચકાસણી પ્રયોગશાળા કાર્યરત છે.
મુખ્યયાર્ડ અને સબયાર્ડ
૧. મુખ્ય માર્કેટયાર્ડ, સરદાર ભવન, હાઈવે, ડીસા
૨. શ્રી મોરારજી દેસાઈ પેટા બજાર, ભીલડી
૩. શ્રી મહાત્મા ગાંધી પેટાબજાર, ડીસા-થરાદ હાઈવે રોડ, લાખણી
૪. શ્રી વિ. જે. પટેલ શાકભાજી અને ફળફળાદિ પેટાબજાર, ડીસા
નોંધ : સમગ્ર ડીસા તાલુકાના ખેડૂત ખાતેદારો તથા વારસદારો તમામ લાયસન્સદારો, ગુમાસ્તા ભાઈઓ તેમજ કર્મચારીઓ વીમાથી સુરક્ષિત હોઈ અકસ્માત થયેથી દિન સાતમાં તે અંગેની જાણ મુખ્ય કચેરીએ કરવા વિનંતી છે.
(વિનોદભાઈ પી. પંચીવાલા) ઈન્ચાર્જ સેક્રેટરી
(કરશનભાઈ એસ. કણબી) વાઈસ ચેરમેન
(ગોવાભાઈ એચ. દેસાઈ) ચેરમેન
શ્રી ખેતીવાડી ઉત્પન્ન હજાર સમિતિ, ડીસા




હાર્દિક અભિનંદન



કેતન જોષી
પ્રમુખશ્રી, વોર્ડ નં.૫
આપની વૉર્ડ નં. ૫ના પ્રમુખ તરીકે થયેલ વરણીને અંતરના ઉમળકાથી વધાવીએ છીએ અને આપના નેતૃત્વમાં ગાંધીનગર મહાનગર ભાજપના સહયોગથી વૉર્ડ નં.૫નો વિકાસ ગતિશીલ બને તેવી શુભકામનાઓ સહ આપ ઉત્તરોત્તર પ્રગતિના શિખરો સર કરો તેવી શુભેચ્છાઓ સહ... હાર્દિક અભિનંદન...
ઉમા ટુલ્સ
જયેશ એન. પટેલ
ન્યુ ચાણસ્મા ફર્નિચર
ગીરીશભાઈ પટેલ
રાજુભાઈ મલબારી
સંજયભાઈ પંડ્યા
ઘનશ્યામ પ્લાયવુડ સેન્ટર,
સેક્ટર-૨૪, ગાંધીનગર
હિતેશભાઈ કે. પટેલ
જયેશભાઈ કે. પટેલ

LCD TV રીપેરીંગ
આપનું LED TV, LCD TV, Plazma TV, કલર TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી. ફક્ત ફોન કરો ૧ થી ૩૦ સેક્ટર માટે
સોમનાથ ઈલેક્ટ્રોનીક્સ
ચંદ્ર ફોટો સ્ટુડિયોની બાજુમાં, સેક્ટર-૨૪, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૮૭૧૧૫.
મો ૯૭૧૪૧૯૮૩૬૬

TMT BARS - ISI
TATA
STEEL • PIPES • SHEETS
C. PVC, UPVC
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૯૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com